|| સનાતન પરમો ધર્મ ||

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોશીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● આસો સુદ - ૫ ● તા. ૧૦-૧૦-૨૧ ● રવિવાર SDP NO: 538 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

વિશ્વઉમિયા ફાઉન્ડેશન બારડોલી તાલુકા મહિલા સંગઠનની મિટિંગ

વિશ્વઉમિયા ફાઉન્ડેશન બારડોલી તાલુકા મહિલા સંગઠનની મિટિંગ બારડોલી ખાતે તા.૦૩/૧૦/૨૦૨૧ ના રોજ ગોવિંદ આશ્રમ હોલ ખાતે શ્રીમતિ જયાબેન હરેશભાઈ રામાણીના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. જેમાં અમદાવાદથી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન મહિલાવિંગ ચેરપર્સન ડો.રૂપલબેન, ડો.ચેરમેન મીનાક્ષીબેન, સહમંત્રી લીલાબેન સાંખલા ઉપસ્થિત રહ્યા હતા.

સુરત થી સુરતજીલ્લા મહિલાવિંગ ચેરપર્સન વીણાબેન, કચ્છ જીલ્લા પ્રભારી નર્મદાબેન સેંધાણી, સુરત શહેર મંત્રી મંજુલાબેન મેપત, સુરત જીલ્લાના સહમંત્રી શોભનાબેન, સુરત જીલ્લાના સંગઠન કો.ચેરમેન રમેશભાઈ પારસીયા, મંત્રીશ્રી સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

પધારેલા સર્વે મહેમાનોનું કુમારિકાઓ દ્વારા કુમકુમનું તિલક કરી સન્માન કરવામાં આવ્યું હતુ. સર્વે મહેમાનોને મેચસ્ક કર્યા બાદ દીપપ્રાગટ્ય કરી સભાની શરૂઆત કરવામાં આવેલ. ખુશી રામાણી અને કાવ્યા સાંખલા દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી.

ત્યારબાદ લલમીબેન રવાણી દ્વારા સર્વે મહેમાનોનું શાલ્લોથી સ્વાગત કરવામાં આવેલ. આ કાર્યક્રમના મુખ્ય વક્તા ડો.રૂપલબેન હતા. જેમના દ્વારા સંસ્થાની વિવિધ ગતિવિધી માહિતી વિસ્તારથી સમજાવેલ તથા સંગઠનને મજબૂત બનાવવા ભાર મુકેલ સાથે સાથે મીનાક્ષીબેન, વીણાબેન તથા નર્મદાબેન સેંધાણી દ્વારા સંગઠન બનાવવાની માહિતી આપેલ.

રમેશભાઈ પારસીયા દ્વારા ઉમાછત્રની યોજનાની વિગતવાર માહિતી આપેલ બારડોલી તાલુકા સંગઠન પ્રમુખ કાંકરભાઈ તથા ઉપપ્રમુખશ્રી મગનભાઈ દ્વારા મહિલાઓને પ્રોત્સાહિત કરેલ.

બારડોલી તાલુકા મહિલા સંગઠન ચેરમેન જ્યાબેન રામાણીએ વિશ્વઉમિયા ફાઉન્ડેશનના અભિયાન થી અને સુરતથી પધારેલા મહેમાનો માટે ગૌરવની લાગણી વ્યકત કરેલ, સંગઠનને વધુ મજબૂત બનાવાની ખાત્રી આપેલ પધારેલ લીડર બહેનોમાંથી પ્રેરણાલઈ વધુમાં વધુ બહેનો સંગઠનમાં જોડાઈ સમાજના વિકાસના કાર્યોમાં સહયોગી બને અને સંગઠનને વધુ મજબૂત બનાવવા અનુરોધ કરેલ.

સભાનું સંચાલન રીનાબેન સાંખલા અને જીજ્ઞાબેન પટેલ દ્વારા કરવામાં આવેલ. ખુબજ મોટી સંખ્યામાં કચ્છ કડવા પાટીદાર સમાજ, સોરાષ્ટ્ર સમાજ, ઉત્તરગુજરાત સમાજ અને લાલવાડા સમાજના ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ જીજ્ઞાબેન પટેલ દ્વારા કરવામાં આવી અંતમાં રાષ્ટ્રગીત ગાઈ માતાજીના જયઘોષથી કાર્યક્રમની પૂર્ણાવતી કરવામાં આવી. સભાના અંતે સૌ અલ્પહાર લઈ છુટા પડ્યા હતાં.

આજની ચિંતનકણિકા સર્જનની પળોનો આનંદ (૨)

સર્જનની પળોનો આનંદ અનેરો હોય છે.

એમાં પ્રવૃત્ત માનવી સ્વાત્મ-કાણનું ભાન ભુલી જાય છે.

મનુષ્યની મૂળભૂત પ્રકૃતિ સર્જનાત્મક છે. બાળક જન્મે ત્યારથી જ ખુબ સર્જનશીલ અને ક્રિયાશીલ હોય છે. એમાંય જો ગર્ભવતી માતા પોતાના ભાવિ બાળકને ગર્ભમંત્રમાં સર્જનશીલ બનાવી દે તો જીવનપર્યન્ત એ સર્જનશક્તિ બાળકને સાથ આપે છે.

સર્જનશીલતા મનુષ્યને પ્રમાદી બનતો અટકાવે છે.

માણસ સાવ ભિખારી અવસ્થામાં જીવતો હોય, એને જો પોતાની અંદર રહેલી પ્રચંડ શક્તિના રહસ્યનો પત્તો લાગી જાય ન એ સાથે એક જવાળામુખીની જેમ વિસ્ફોટ થઈને એ શક્તિઓ ભભુકી ઊઠતાં જ એ સફળ વ્યક્તિઓની પ્રથમ પંક્તિમાં આવી ગયો હોય એવાં અસંખ્ય ઉદાહરણો પૃથ્વીના પટ પર અંકિત છે. પણ જો આપણે ચુન્યતામાં ડૂબેલા રહીશું તો આપણી ચોમેર સમૃદ્ધિવાન લોકોની વણઝારો ચાલી જતી હશે તોય આપણને ભાન નહીં થાય.

આવાં સર્જનાત્મકતાથી સભળતા તરુનાં બે ઉદાહરણો આપણે આગામી બે દિવસમાં જોઈશું.

(ક્રમશઃ)

મિશન અભિમન્યુ
શ્રી ઉમિયા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

: રાજકીય મિશન અંતર્ગત :

જન આશીર્વાદ યાત્રા અંતર્ગત વન નિયુક્ત કેબિનેટ મંત્રી શ્રીપુર્ષોત્તમ મોદીજી મકાન અને માર્ગ મિનિસ્ટર અંકલેશ્વર નોટીફાઈડ એરિયાની મુલાકાતે આવ્યા હતાં. આ પ્રસંગે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવા મંડળ દ્વારા મોમેંટો આપી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. તસ્વીર માં રિનેશ નાકરાણી જે આ વિસ્તારમાં જુ યુવા મોચાં ના પ્રમુખ પદે પણ છે...

અમદાવાદ સમાજ ઝોન સભા

શ્રી એ. બી. ક. ક. પા. સમાજ, અમદાવાદ ઝોનની કારોબારી સભા તા. ૦૯/૧૦/૨૧ ના સી.એ., આર.એન. પટેલ સાહેબના અધ્યક્ષ સ્થાન પર સમાજની ગતિવિધિ સાથે અમદાવાદ ઝોન સમાજ ના વિશેષ વ્યક્તિ ઓના સન્માન કરવામાં આવ્યા.

સંયોજક : MGR. PRO. મનસુખ પોકાર

અમદાવાદ
ઝોન
સમાજ
સ્નેહ મિલન..

કચ્છ રિજીયન પૂર્વ નો કાર્ય પ્રારંભ

માં ઉમિયાના આશીર્વાદ મેળવી કચ્છ પૂર્વ રિજીયન ટીમ નો કાર્ય પ્રારંભ..

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ કચ્છ રિજીયન વ્રારુ પૂર્વ અને પશ્ચિમ એમ બે સ્વતંત્ર રીતે પોતાના વિસ્તાર માં યુવાધન ની આવશ્યકતા મુજબ કાર્ય ને પરિપૂર્ણ કરી શકે તે અંગે પૂર્વ કચ્છ રિજિયનના ચેરમેન સુરેશભાઈ ભગત અને તેમની ટીમે ભગવાન લક્ષ્મીનારાયણ અને મા ઉમિયાના દર્શન કરી યુવા સંગઠનના કામો ની ચર્ચા માટેની પ્રથમ મીટીંગ સિનિયર પૂર્વ કચ્છ યુવાસંઘ...



કચ્છ રિજીયન પૂર્વ ના ચેરમેન દ્વાર બેસ્ટ કાર્ય સિદ્ધિ માટે આજે ઉમિયા સંસ્થાન માં બેઠક અને એકસન પર ચર્ચા..

જયવીતાબાઈ મદનપુરા જેવા અનુભવીઓ ને સાથે જોડી સંઘઠન શક્તિને તીવ્રતા આપવા માટે ઉમિયા માતાજી વાંઢાયના પ્રાંગણ માં ભેગા થઈ ને પાછલા વર્ષ નાં અધુરાસ ને પુરવા આગામી યુવાસંઘ નો જનરલ સભા ૧૭ અને ૧૮ ઓક્ટોબર કડોદરા સુરત મુકામે બેસ્ટ પ્રસ્તુતિ કરવાની કર્મઠ નિષ્ઠા સાથે સર્વ ના વિચાર નું આદાન પ્રદાન કરવા બેઠક રાખી ને આગામી આયોજન કરવા મળ્યા..

ભારત સરકાર ના કૃષિ અને ખેડુત કલ્યાણ ના મંત્રીશ્રી કૈલાશ ચૌધરીજી સાથે શુભેચ્છા મુલાકાત અંકલેશ્વર ખાતે યુવા પ્રમુખ રિનેષ નારકાણી અને જીલ્લા યુવા કારોબારી સભ્ય વિપુલ રામજયાણી.

દક્ષિણ કર્ણાટક ઝોન મા ઉડપી સમાજમાં નવરાત્રી મહોત્સવ નિમિત્તે સમારુના વરિંગો તથા ભાઈ બહેનો તથા બાળકો સૌ માતાજીના ગરબા રમવા માટે મસ્ત છે અને આનંદ માણે છે. નાની સમાજ ત્રણસોની વસ્તી પરાવતી સમારુના ગરબીમાં બેસો જણા આ મહોત્સવમાં હાજરી આપી રહ્યા છે અને માતાજીની આરાધના સુતિ કરે છે.



સોસ્ટ ગ્રુપ નિઝામાબાદ નવરાત્રિ 2021માં ગરબા TAP

હરદા મધ્યપ્રદેશ સમાજ ભવન



કડલાલ કડપા સમાજ નવરાત્રિ

રસલીયા ક.ક.પા. સમાજમાં રાસ ગરબા.

ગાંધીધામ ખાતે ડો. દીપિકાબેન સરડવાનું સ્વાગત સન્માન કરતા યુવાસંઘના કાર્યસિલ ચેરમેન...

ડો. દીપિકાબેન સરડવા વંદાય મુકામે ગરબે રમ્યા નો લાભ લીધો..

પ્રોફેસર. ડો.દીપિકા સચિન સરડવા
સોશ્યલ કાર્ય :
Ph.D. મહાત્મા ગાંધીજી
M.PHIL. કોર્પોરેટ
M.A. સોશ્યલ
શૈક્ષણિક લાયકાત :
M.Sc. કોર્પોરેટ
M.Sc. ગ્રામ્ય વિકાસ
M.Sc. ગ્રામ્ય વિકાસ
M.Sc. કોર્પોરેટ
M.Sc. કોર્પોરેટ
M.Sc. કોર્પોરેટ